GJBK160024952022

| | |
|---|---|
| આંક | –૪૩ |
| રજુ.તા. | –૦૬–૧૦–૨૦૨૨ |
| દાખલ તા. | –૦૬–૧૦–૨૦૨૨ |
| ફેસલ તા. | –૦૨–૦૭–૨૦૨૬ |
| અવધી | –**૦૩** વર્ષ, **૦૮** માસ, **૨૭** દિવસ |

***શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મુ.શિહોરી***

**<u>ફોજદારી કેસ નંબર–૨૨૯૩/૨૦૨૨</u>**

| | |
|---|---|
| શ્રી સરકાર | .....ફરીયાદી. |
| ***વિરૂધ્ધ*** | |
| **(૧) ગમનજી પોપટજી ઠાકોર,**<br>ઉ.વ.આ.૨૬, ધંધો:ડ્રાઈવીંગ,<br>**(૨) પ્રકાશજી પોપટજી ઠાકોર,**<br>ઉ.વ.આ.૨૪, ધંધો–ખેતી,<br>**(૩) પોપટજી મોબતાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.૫૫, ધંધો–ખેતી,<br>**(૪) જેબરબેન બેચરાજી ઠાકોર,**<br>ઉ.વ.આ.૪૫, ધંધો–ઘરકામ,<br>ઉપરોકત તમામ રહે.શિહોરી થરેચાવાસ,<br>તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા. | .....આરોપીઓ. |

**ગુનોઃ–** **ઈ.પી.કો કલમ–૨૯૪ (ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબ**

| | | |
|---|---|---|
| શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી | – | આર.કે.માજીરાણા |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી | – | ડી.કે.ડાભી |

***:: <u>ઠ રા વ</u> ::***

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના દીકરાને બે માસ અગાઉ તેના પીકઅપ ડાલાથી અકસ્માત કરી મોત નીપજાવેલ હોઇ જેથી તેમના સમાજ રાહે સદરે

આરોપીનં.૧ને આ કામના ફરીયાદીની નજર સામે નહી રહેવા જણાવેલ હોઇ તેમ છતા આ કામના આરોપી નં.૧ ફરીયાદીની સામે આવતા ફરીયાદીએ ઠપકો આપતા આ કામનો આરોપી નં.૧ ભુંડી ગાળો બોલવા લાગેલ અને આરોપી નં.૨,૩ અને ૪ નાઓ તેનુ ઉપરાણુ લઇ આવી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કર્યા અંગેની ફરીયાદ શીહોરી પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૧૧૯૫૦૪૪૨૨૦૬૧૧/૨૦૨૨ થી ઇ.પી.કો.કલમ–૨૯૪ (ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબ નોંધાયેલ. જે બાદ તપાસ કરનાર અધિકારીએ તપાસ પૂર્ણ કરી હાલનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ.

(૨) આ કામે આરોપીઓને સમન્સ કરતાં, આરોપીઓ હાજર થયેલ અને તેમને પોલીસ પેપર્સના કાગળો મળી ગયાની ખાત્રી કર્યા બાદ, આંક–૦૩ થી આરોપીઓઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી, આરોપીઓની આંક–૦૪ થી આંક–૦૭ સુધીની પ્લી વાંચી સંભળાવી, સમજાવી, નોંધતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઇન્કાર કરતાં, આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ઉપરોક્ત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| | | |
|---|---|---|
| | | **ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો** |
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૧૦ | ફરીયાદી– નાનીબેન કનુજી ઠાકોરની જુબાની |
| (૨) | ૧૨ | સાહેદ– પશીબેન દાનસુંગજી ઠાકોરની જુબાની |
| (૩) | ૧૩ | સાહેદ– હેતલબેન પ્રકાશજી ઠાકોરની જુબાની |
| (૪) | ૧૮ | સાહેદ– કનુજી કુંવરજી ઠાકોરની જુબાની |
| (૫) | ૧૯ | સાહેદ– પ્રહલાદજી કુંવરજી ઠાકોરની જુબાની |
| (૬) | ૪૪ | સાહેદ– અનુબેન મદારસીંગ સોલંકીની જુબાની |

| | | | |
|---|---|---|---|
| | (૭) | ૨૫ | પંચસાહેદ– ભરતજી દાનસુંગજી ઠાકોરની જુબાની |
| | (૮) | ૨૭ | પંચસાહેદ– જહુજી સદાજી ઠાકોરની જુબાની |
| | (૯) | ૩૮ | ત.ક.અ– તલોજકુમાર વિહાભાઈની જુબાની |
| | **ફરીયાદ પક્ષનો લેખીત પુરાવો** | | |
| | **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| | (૧) | ૧૧ | ફરીયાદની ખરી નકલ |
| | (૨) | ૨૨, ૨૩ | મેડીકલ સર્ટીફીકેટની ખરી નકલ |
| | (૩) | ૨૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયાની વિ.એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆત બાદ, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો જોતા ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ ૩૧૩ મુજબનું આરોપીઓનું એફ.એસ નોંધતા ફરીયાદપક્ષના પુરાવાનો ઇનકાર કરેલ છે. તેમજ તેઓ નિર્દોષ છે અને તેઓ પર ખોટી ફરીયાદ કરેલ છે તેવુ જણાવેલ છે. તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો ઈનકાર કરેલ છે તથા બચાવપક્ષે પુરાવો રજુ કરવાનો પણ ઇનકાર કરેલ છે. આમ, આરોપીઓનુ એફ.એસ. નોંધ્યા બાદ સદર કામ પક્ષકારોની દલીલો સાંભળવા ઉપર મુલતવી રાખવામાં આવેલ.

(૫) આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓ પક્ષે વિ.વશ્રીની મૌખીક દલીલો સાંભળેલ.

(૬) ફરીયાદપક્ષે વી.એ.પી.પી.શ્રીની તેમજ બચાવપક્ષની દલીલો સાંભળ્યા બાદ સદર કેસના નીકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ નાઓએ ફરીયાદીના દીકરાને બે માસ અગાઉ તેના પીકઅપ ડાલાથી અકસ્માત કરી મોત નીપજાવેલ હોઇ જેથી તેમના સમાજ રાહે સદરે આરોપીનં.૧ને આ

કામના ફરીયાદીની નજર સામે નહી રહેવા જણાવેલ હોઇ તેમ છતા આ કામના આરોપી નં.૧ ફરીયાદીની સામે આવતા ફરીયાદીએ ઠપકો આપતા આ કામનો આરોપી નં.૧ ભુંડી ગાળો બોલવા લાગેલ અને આરોપી નં.૨,૩ અને ૪ નાઓ તેનુ ઉપરાણુ લઇ આવી ફરીયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો.કલમ–૨૯૪(ખ),૫૦૬(૨) તથા ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શુ હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દા અંગેના નિર્ણયો નીચે મુજબના છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

(૮) ઉપરોક્ત નિર્ણયો કરવા અંગેના કારણો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ અને ૨**

(૯) ફોજદારી ન્યાયપ્રણાલીમાં મૂળભૂત સિદ્ધાંત એ છે કે ફરીયાદ પક્ષે પોતાનો કેસ આવા સદ્દઢ અને વિશ્વસનીય પુરાવા પરથી સાબિત કરવો જોઈએ કે જેમાં કોઈ તર્કસંગત શંકાને સ્થાન ન રહે. આરોપીઓઓને દોષિત જાહેર કરવા માટે કેસ એ રીતે પુરવાર થવો જોઈએ કે સામાન્ય બુદ્ધિ ધરાવતી વ્યક્તિ એવાં પુરાવા જોઈને નિષ્કર્ષ કાઢી શકે કે આરોપીઓઓએ જ ગુનો કર્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા અનેક ચુકાદાઓમાં પુષ્ટિ થયેલ છે કે ફોજદારી કેસોમાં દોષિતતા "beyond reasonable doubt" એટલે કે શંકા રહિત રીતે સાબિત થવી જરૂરી છે. માત્ર શક્યતા કે સંદેહના આધારે કોઈ વ્યક્તિને દોષિત ઠરાવી દેવું ન્યાયસંગત ગણાતું નથી. પુરાવા એવા હોવા જોઈએ કે જેમાંથી બીજો કોઈ નિષ્કર્ષ ઉપજતો જ ન હોય. જો કેસના પુરાવાઓમાં કોઈ ખોટ, વિસંગતિ કે સ્પષ્ટતા ન હોય, અથવા જો સાક્ષીઓના નિવેદનોમાં

વિરોધાભાસ હોય, તો એ શંકા ઉભી કરે છે. એવું પણ ન્યાય પ્રસિદ્ધ છે કે દોષિત છૂટી જાય એ ચાલે પણ નિર્દોષને સજા ન થવી જોઈએ. આવો અભિગમ ન્યાયપ્રણાલીમાં નિર્દોષતા ના પાયા પર આધારિત છે. પરિસ્થિતિજન્ય પુરાવા હોય ત્યારે પણ એ સખત કસોટી પરથી પસાર થવો જરૂરી છે. દરેક કડી એવી હોવી જોઈએ કે અંતે એકમાત્ર નિષ્કર્ષ એ જ નીકળે કે આરોપીઓ જ દોષિત છે. અદાલત દ્વારા કરવામાં આવનાર મુલ્યાંકનમાં જો કોઈપણ તર્કસંગત શંકા રહે છે તો તેનો લાભ આરોપીઓને આપવો ફરજિયાત છે. નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ રાજ્યની વડી અદાલતોના વખતો વખતના ચુકાદાઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આરોપીઓની દોષિતતા સાબિત કરવા માટે ફરીયાદ પક્ષે દ્રઢ અને વિશ્વસનીય પુરાવા આપવો જરૂરી છે.

(૧૦) વધુમાં, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવાનો બોજો આરોપીઓઓ ઉપર બેસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી. પરંતુ આરોપીઓ ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે. સાબિત થયેલ હકીકતો કોને કહેવાય. તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય. હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨) તથા ૧૧૪ મુજબના ગુનાનો આક્ષેપ હોય, સદરહું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબનો ગુનો સાબિત કરવા ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે.

(૧૧) હવે આ કામે ફરીયાદપક્ષે રજુ રાખેલા પુરાવાઓને અવલોકવામાં આવે તે પહેલા આ કામે આરોપીઓ પર આક્ષેપીત ગુનાની જોગવાઈ જોવામાં આવે તો

**કલમ ૨૯૪– અશ્લીલ કૃત્યો અથવા ગીતો :–**

કોઈપણ વ્યકિત અન્યને ત્રાસ થાય એ રીતે –

**આ કલમના તત્વો નીચે મુજબ છે**

(૧) આરોપીએ કોઈ કૃત્ય કર્યું હોય, અથવા

(૨) આરોપીએ અશ્લીલ ગીત ગાય અશ્લીલ કાવ્યો સંભળાવે કે અશ્લીલ શબ્દો ઉચ્ચાર્યું,

(૩) આરોપીએ આવું કૃત્ય વગેરે જાહેર સ્થળ પર કર્યું અથવા જાહેર સ્થળની નજીક કર્યુ

(૪) આવા કૃત્યથી અન્યને ત્રાસ થયો હોય.

**કલમ– ૫૦૬(૨)– ગુનાહીત ધમકીની સજા:–**

(૧) કોઈપણ વ્યકિત, ગુનાહિત ધમકી આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

(૨) જો તે ધમકી મૃત્યુ નિપજાવવાના અથવા મહાવ્યથા વિગેરે કરવાની હોય,અને જો તે ધમકી મૃત્યુ નિપજાવવાના અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલકતનો નાશ કરવાનું અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની રાજાને પાત્ર ગુનો કરવાની હોય અથવા સ્ત્રી પર ચારિત્ર હિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.

**આ કલમના તત્ત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપે,

(૨) આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂન બદ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનું પોતાને કાનૂની

અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતમાં આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુનો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

માત્ર જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ હોવા માત્રથી ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થયાનુ માની શકાય નહિ. નામદાર ગુજરાત વડી અદાલતે પ્રવીણ બેચર વેલણ કર વિ.સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.આર ૨૦૦૭(૧)પાના ૩૩૭ ના ચુકાદામાં ઠરાવ્યુ છે કે "So far as Section 506(2) is concerned, the threat must cause alarm in the mind of the person threatened." આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે કરાવેલ છે કે આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) હેઠળ તસીરવાર ઠરાવવા માટે વાસ્તવમાં જે શબ્દો બોલેલ હોય તે રેકર્ડ પર આવવા જોઈએ. ધમકીમાં વાજબી, ધાસ્તી કે ભય ઉત્પન્ન થવી જોઈએ.

(૧૨) ઉપરોકત ફરીયાદપક્ષે પડેલા પુરાવા તેમજ આરોપીઓ સામે આક્ષેપીત ગુનાની જોગવાઈઓ લક્ષમાં રાખી ફરીયાદપક્ષના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે નાનીબેન કનુજી ઠાકોર (ફરીયાદી) ને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. જયારે આંક–૧૧ થી ફરીયાદ રજુ કરવામાં આવેલ છે. હવે ફરીયાદીની ફરીયાદ હકીકત જોતા, આરોપી નં.૧ એ હાલની ફરીયાદ દાખલ થયાના બે માસ અગાઉ તેઓનું પીકઅપ ડાલુ ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના ઘરના જાંપે રમતા દોઢ વર્ષના દીકરા કીરણને અકસ્માત કરેલ અને આ અકસ્માતમાં ફરીયાદીના દીકરા કીરણનુ અવસાન થયેલ. જે અંગેની ફરીયાદ ફરીયાદીએ શીહોરી પો.સ્ટેશનમાં આપેલ હતી. અને તેઓને સામાજીક રીતે આરોપી નં.૧ ને ફરીયાદીની સામે રહેવાની તેમજ નજરે ના આવવાની શરત થયેલ હતી. તેમ છતા આરોપી નં.૧ ગમનજી ફરીયાદીના ઘર સામે બેસી અને દાતણ કરતો હોય જેથી ફરીયાદી આરોપી નં.૧ ગમનજીને ઠપકો આપેલ જેથી આરોપી નં.૧ નાઓએ ફરીયાદીને કહેલ કે તમોએ ફરીયાદ કરીને મારુ શું બગાડી નાખેલ

છે, હુ જામીન ભરીને છુટીને આવેલ છુ અને મારા ઘરે રહીશ તેવુ કહેતા ફરીયાદી અને ફરીયાદીના પતિએ આરોપી નં.૧ ને ત્યાથી ચાલ્યા જવાનુ કહેતા આરોપી નં.૧ ગમનજીએ ફરીયાદીને જેમતેમ ભુંડી ગાળો બોલેલી અને આરોપી ગમનજીનુ ઉપરાણુ લઇ આ કામના અન્ય આરોપીઓ પણ ત્યા આવી ગયેલા તેઓએ ફરીયાદીને કહેલ કે, અકસ્માતની ફરીયાદ તો તમોએ કરી દીધી છે હવે કેમ ગમનજી ને અહીયા રહેવાની ના કહો છો તેમ કહી ફરીયાદીને તથા ફરીયાદીના પતિને આરોપીઓ મારવા સારુ ઘર તરફ ધસી આવેલા અને તે વખતે આજુબાજુના લોકો ભેગા થતા આ લોકોને સમજાવીને ત્યાંથી કાઢી મુકેલા. અને જતા જતા આરોપીઓએ ધમકી આપેલી કે આજે તો બચી ગયા છો પરંતુ હવે પછી લાગ આવેથી જાનથી મારી નાખીશું. જે બાદ આ બાબતે સમાધાનની વાત થતી હતી પરંતુ તા.૦૪/૦૮/૨૦૨૨ ના રોજ સાંજના ૬ વાગ્યાના સુમારે ફરીયાદીને બ્લીડીંગ ચાલુ થઇ જતા અને પ્રેગ્નેન્સી હોવાને કારણે શિહોરી સરકારી દવાખાને સારવાર માટે લઇ ગયેલા. ત્યા ડોકટરશ્રીએ પ્રાથમિક સારવાર કરી રજા આપેલી. જે બાદ બીજા દીવસે ધારપુર દવાખાને સારવાર માટે ગયેલા અને આ ગુનાની ફરીયાદ ધારપુર સીવીલ હોસ્પીટલમાં આપેલી.

(૧૩) હવે ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ તેઓની આંક–૧૧ વાળી ફરીયાદને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. તેમજ ફરીયાદીએ તેઓના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ વખતે આરોપીઓએ કોઇ માર મારેલ હોય તેવુ બનેલ નથી. પરંતુ ફરીયાદીએ શિહોરી તેમજ ધારપુર સરકારી હોસ્પીટલમાં જે સારવાર લીધેલ છે. જે સારવારના સર્ટીફીકેટ આ કામે આંક–૨૨ અને ૨૩ થી ફરીયાદપક્ષે રજુ થયેલ છે. જે બંને સર્ટીફીકેટ આરોપીપક્ષે નિખાલસપણે કબુલ રાખવામાં આવેલ છે. સદર આંક–૨૨ વાળુ સર્ટીફીકેટ વંચાણે લેવામાં આવે તો ફરીયાદીએ આપેલ હીસ્ટ્રી જોતા ચારથી પાંચ માણસોએ લાતો અને ફેટોથી માર મારેલ હોવાનુ જણાવેલ છે. જયારે આંક–૨૩ વાળા સર્ટીફીકેટમાં પણ આરોપીઓએ માર મારેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફરીયાદીની ફરીયાદ હકીકત, ફરીયાદીએ આપેલ પુરાવો તેમજ તબીબી દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો ફરીયાદપક્ષના કેસમાં મોટો વિરોધાભાસ જણાઇ આવે છે. તેમજ ફરીયાદીએ પોતે જ

તેઓના પુરાવામાં આરોપીએ કોઇ માર મારેલ નહી હોવાનુ જણાવેલ છે. જયારે ડોકટરશ્રી સમક્ષની હીસ્ટ્રીમાં આરોપીએ માર મારેલ હોવાની હકીકતો જણાવેલ છે. જે પરથી તે હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીએ સદર કેસની ગંભીરતા ઉભી કરવાનો પ્રયત્ન કરેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસ જોવામા આવે તો તેઓએ તે હકીકત સ્વીકારેલ છે કે, તે હકીકત સ્વીકારેલ છે કે, ગમનજી અને અન્ય આરોપીઓ તેમજ તેઓ એક જ વાસમા રહે છે ને તેઓના ઘર સામસામા આવેલા છે. તે હકીકત પણ સ્વીકારેલ છે કે, અકસ્માતનો બનાવ બનતા આરોપી ગમનજી તેમની સાસરીમાં વડા મુકામે જતા રહેલા. તે હકીકત સ્વીકારેલ છે કે આરોપી વડાથી આવીને શીહોરી વલાભાઇ રબારીના બોર ઉપર રહે છે. તે હકીકત સ્વીકારેલ છે કે બનાવ પછી આરોપી સામે કોઇ ફરીયાદ કરેલ નથી. તે હકીકત સ્વીકારેલ છે કે ગમનજી તેઓના સામે જે ઘર આવેલ છે ત્યા અવરજવર કરતા નથી. તે હકીકત પણ સ્વીકારેલ છે કે તેઓએ તેઓની ફરીયાદમાં એવું લખાવેલ નથી કે, '' મારો દીકરો મને છોડીને જતો રહેલો છે તો તમો છ મહીના સુધી પણ બહાર રહી શકતો નથી?'' જે બાદ આરોપીપક્ષે ડિનાઇલ લીધેલ છે.

(૧૪) ઉપરાંત ફરીયાદપક્ષે સાહેદ પશીબેન દાનસુંગજી ઠાકોર (આંક–૧૨), સાહેદ હેતલબેન પ્રકાશજી ઠાકોર (આંક–૧૩), સાહેદ કનુજી કુંવરજી ઠાકોર (આંક–૧૯)નાઓને તપાસેલ છે. ઉપરોકત તમામ સાહેદોના પુરાવા જોવામાં આવે તો, ફરીયાદપક્ષના કેસને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. વધુમાં, સદર સાહેદોના સરતપાસમાં કરેલ કથનો જોવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, બનાવ સમયે ફરીયાદી ગર્ભવતી હતા અને તેઓને બ્લીડીંગ ચાલુ થયેલ જેથી તેઓને શીહોરી સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે ધારપુર સરકારી હોસ્પીટલ ખાતે લઇ ગયેલા આમ, ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, સદર બનાવ તા.૩૧/૧૨/૨૦૨૨ ના રોજ સાંજના ૭ વાગે બનેલ હોવાનુ જણાઇ આવે છે. તે બાદ સદર બનાવની ફરીયાદ તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ જાહેર થયેલ છે. વધુમાં, અત્રે એ નોંધવુ જરૂરી છે કે, સદર ગુનાની ફરીયાદ દાખલ થયાના એક દીવસ પહેલા ફરીયાદી સારવાર માટે ધારપુર હોસ્પીટલ તેમજ શીહોરી સરકારી દવાખાને ગયેલા હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, અત્રે રજુ

થયેલા તબીબી પુરાવા તેમજ ફરીયાદપક્ષની ફરીયાદ મુજબ બનાવ બન્યાના એક અઠવાડીયા જેટલા સમય બાદ ફરીયાદીને બ્લીડીંગ ચાલુ થઇ ગયેલાની હકીકતો જણાઇ આવે છે અને સદર કામના સાક્ષીઓ તેમજ ફરીયાદીની જુબાનીમાં બનાવના દીવસે જ ફરીયાદીને બ્લીડીંગ ચાલુ થઇ ગયેલ હોવાના કથનો કરેલ છે. આમ, સમગ્ર રીતે જોવામાં આવે તો ફરીયાદપક્ષના સાહેદોની જુબાનીમાં મોટો વીરોધાભાષ જણાઇ આવતા હોય સદર સાક્ષીઓના મૌખિક પુરાવા વીશ્વસનીય માનવાને કોઇ કારણ ઉપસ્થીત થતુ નથી.

(૧૫) વધુમાં, ફરીયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચ ભરતજી દાનસુંગજી ઠાકોર(આંક–૨૫) તેમજ જહુજી સદાજી ઠાકોર (આંક–૨૭) થી તપાસેલ છે. જયારે આંક–૨૬ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ ફરીયાદપક્ષે રજુ થયેલ છે. ઉપરોકત બંને પંચોનો મૌખિક પુરાવો વંચાણે લેવામાં આવે તો આંક–૨૬ વાળા ગુનાવાળી જગ્યાના પંચનામાને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. તેઓએ પોલીસે આપેલ એક કાગળમાં સહી કરવાનુ કહેતા તેમાં સહી કરેલ તેમજ આ પંચનામુ પોલીસે તેઓને વાંચી સંભળાવેલ નથી. પંચનામાની ખરી નકલ તેઓને બતાવતા તેમાની સહી તેઓએ ઓળખી બતાવેલ છે. આમ, સદર બંને પંચોએ પંચનામાની હકીકતથી વીપરીત હકીકતો જણાવતા હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદો જાહેર કરી ઉલટતપાસ કરેલ હોવા છતા કોઇ ફળદાયી હકીકતો જણાવેલ નથી. ઉલટાનુ આરોપીપક્ષે થયેલ ઉલટતપાસમાં કોરા કાગળમાં સહી કરેલ હોવાનુ સ્વીકારેલ છે. તેમજ પંચનામાની હકીકત વિશે તેઓને કઇ ખબર નથી તેવુ સ્વીકારેલ છે.

(૧૬) વધુમાં, સદર કામે ફરીયાદપક્ષે તપાસ કરનાર અધિકારી તલોજકુમાર વિહાભાઇનાઓને આંક–૩૮ થી તપાસેલ છે. સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો, વિધીવત રીતેનો પુરાવો આપેલ છે. તેઓએ સદર ગુનાની તપાસ સંભાળી ગુનાવાળી જગ્યાનુ પંચાનામુ કરી અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ અને ફરીયાદીના સારવાર અંગેના સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ તેમજ આરોપીઓ સામે

પુરતો પુરાવો પડતો હોઇ નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલું. વધુમાં આરોપીઓ તરફે થયેલી ઉલટતપાસ જોવામા આવે તો તૈયાર પંચનામામાં પંચોની સહીઓ લીધેલ હોવાની હકીકતનો ઇન્કાર કરેલ છે. તેમજ ફરીયાદને અનુરૂપ સાહેદોના નિવેદન લીધેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૭) આમ, ઉપરોકત ફરીયાદપક્ષે રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરતા તે હકીકત સ્પષ્ટ થાય છે કે, ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે અગાઉ થયેલ અકસ્માતના બનાવને કારણે મનદુ:ખ તથા અદાવત ચાલતી હતી. ફરીયાદપક્ષની હકીકત મુજબ બનાવના દીવસે આરોપી ગમનજી ગામમા આવેલા હોય અને ફરીયાદીના ઘર આગળ તેઓનુ ઘર આવેલ હોય ત્યાં બેસીને દાતણ કરતો હોય, ફરીયાદીએ આરોપી ગમનજીને ઠપકો આપતા બંને પક્ષો વચ્ચે બોલાચાલી તથા માથાકૂટ થયેલી હતી. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીઓએ ગાળો બોલી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હતી અને સદર હકીકતોને ફરીયાદપક્ષના સાહેદોએ સમર્થન આપેલ હોવાનુ જણાઇ આવ છે. પરંતુ ફરીયાદપક્ષના કેસમાં પડેલ પુરાવાનું મુલ્યાંકન કરતા તે બાબત નોંધપાત્ર બને છે કે, ફરીયાદીએ સારવાર દરમિયાન ડોકટરશ્રીને આપેલ હીસ્ટ્રીમાં આરોપીઓએ ગડદાપાટુનો માર મારેલ હોવાનુ જણાવેલ છે. જયારે કોર્ટ સમક્ષ સોગંદ પરની જુબાનીમાં ફરીયાદીએ આરોપીઓએ બનાવ સમયે કોઇ માર મારેલ નથી તેવો પુરાવો આપેલ છે. ફરીયાદીના આ બંને કથનો વચ્ચે આવતો વીરોધાભાષ ઘટનાની પ્રકૃતિને અસર કરનાર જણાઇ આવે છે. કારણ કે, સારવાર દરમિયાન મારપીટ થયેલાની હકીકત રજુ કરવામાં આવેલ છે જયારે કોર્ટમાં તે હકીકતનો ઇન્કાર કરેલ છે. જેથી ફરીયાદીના પુરાવાની વીશ્વસનીયતા ઉપર શંકા ઉપસ્થીત થાય છે.

(૧૮) વધુમાં, ફરીયાદીને આ બનાવમાં ગર્ભવતી હોવાથી બ્લીડીંગ શરૂ થયેલ અને કસુવાવડ થયેલ હોવાનું ફરીયાદપક્ષનો આરોપીઓ સામે આક્ષેપ છે. પરંતુ તેવી કોઇ સ્પષ્ટ હકીકત કે તબીબી અભિપ્રાય રેકર્ડ પર આવેલ નથી, જેથી તે હકીકત માની શકાય કે ફરીયાદીને થયેલ કસુવાવડ આરોપીઓના કૃત્યથી થયેલ હોય. વળી, ફરીયાદીએ પોતે જ કોર્ટમાં સોગંદ ઉપર

આરોપીએ મારપીટ નહી કરેલ હોવાનુ જણાવેલ છે. ત્યારે માત્ર સારવાર દરમિયાન આપવામાં આવેલ હીસ્ટ્રીના આધારે આરોપીઓના કૃત્ય અને કસુવાવડ વચ્ચે સીધો સંબંધ સ્થાપિત કરી શકાય તેવુ જણાઇ આવતુ નથી. વધુમાં, આરોપીપક્ષે તબીબી સારવાર સર્ટીફીકેટ કબુલ રાખેલ હોવા છતા તે માત્ર દસ્તાવેજી સ્વીકાર ગણાય તેમાં જણાવેલ હીસ્ટ્રીનુ સત્ય સ્વીકાર થયેલ હોય તેવું માની શકાય નહી.

(૧૯) વધુમાં, ગુનાવાળી જગ્યાના પંચસાહેદો હોસ્ટાઇલ થયેલ હોવાથી ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર આધાર પ્રાપ્ત થતો નથી. જેથી ફરીયાદપક્ષનો કેસ મુખ્યત્વે અન્ય સાક્ષીઓ ઉપર આધારિત રહી જાય છે. ફરીયાદપક્ષના અન્ય સાક્ષીઓએ ફરીયાદ હકીકતને સમર્થન કરવા પ્રયત્ન કરેલ છે. પરંતુ તેઓના કોર્ટ રૂબરૂના નિવેદન અને ફરીયાદપક્ષની હકીકતો વચ્ચે મહત્વના વિરોધાભાષના કારણે સદર સાહેદોના પુરાવા વિશ્વસનીય માની શકાય નહી. આ કામે તપાસ કરનાર અધિકારીનો પુરાવો જોવામા આવે તો તેઓએ તેઓના ફરજના ભાગરૂપે તપાસ દરમિયાન જે કાર્યવાહી કરવાની થતી હોય છે તે કરી અને તપાસ પૂર્ણ થયેથી આરોપીઓ વીરુદ્ધ ચાર્જશીટ કરેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિધીવત રીતેનો છે. જયારે ફરીયાદપક્ષના હકીકતના સાહેદો તેમજ ફરીયાદીના મૌખિક પુરાવાથી જ શંકા ઉભી થતી હોય તે સંજોગોમાં ફકત તપાસ કરનાર અધિકારીના વિધીવત રીતેના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને કોઇ મદદ મળી રહેતી નથી તેવુ અદાલતનું માનવુ છે.

(૨૦) વધુમાં આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ઇ.પી.કોડની કલમ ૨૯૪(ખ) જોવામાં આવે તો કોઇ વ્યકિત જાહેર સ્થળે અથવા તેની નજીક અશ્લીલ કૃત્ય કરે, અથવા અશ્લીલ ગીતો ગાય, કાવ્યો સંભળાવે, શબ્દો ઉચ્ચારે કે જેના કારણે અન્ય કોઇપણ વ્યકિતને ત્રાસ થાય ત્યારે આ કલમ મુજબનો ગુનો બને. હાલના કેસમા ઇ.પી.કોડની કલમ ૨૯૪(ખ) અંગે રેકર્ડ પરનો પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ તેઓની ફરીયાદમાં આ કામના આરોપીઓ દવારા બિભત્સ ગાળો બોલેલાનુ જણાવે છે પરંતુ કયા આરોપી દવારા ચોકકસ શું અપશબ્દો બોલવામાં આવેલા તે બાબતે કોઈ સ્પષ્ટ પુરાવો આપેલ નથી. કલમ–૨૯૪(ખ) હેઠળ ગુનો સાબીત કરવા માટે માત્ર

અશ્લીલ શબ્દોનુ ઉચ્ચારણ પુરતુ નથી પરંતુ તે અન્ય લોકોને હેરાન કરવા માટે હતુ તે સ્થાપિત કરવા માટે વધુ એક પુરાવો હોવો જોઈએ.આમ ફરીયાદીના પુરાવાથી ઈ.પી.કો. કલમ–૨૯૪(ખ) અંગે લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ ન હોઈ,આરોપીઓ વિરુધ્ધ ઈ. પી. કો. કલમ–૨૯૪(ખ) મુજબનો ગુનો પુરવાર થતો નથી.

(૨૧) વધુમાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે આક્ષેપાયેલ ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે સૌ પ્રથમ એવું સાબીત કરવાનું રહે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આવી ધમકી આ કામના ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનૂનબધ્ધ ન હોય તેવું કૃત્ય ન કરે તેવા ઈરાદાથી આપવામાં આવેલ હતી જે કેસના સંજોગો પરથી નિર્ણીત કરી શકાય.આ બાબત શબ્દ પુરતી સીમીત ન રહેવી જોઈએ એટલે કે,ધમકી ભર્યા ઉચ્ચારેલ શબ્દથી ફરીયાદી ઉપર તેની અસરકારક અસર જણાય આવવી જોઈએ. માત્ર જાનથી મારી નાખવાના ઉચ્ચારણ થી ઈ.પી.કો. કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો બનતો નથી ફરીયાદપક્ષે તે આક્ષેપ નિ:શંકપણે સાબીત કરવો જોઈએ અને આ ધમકીના કારણે ભયભીત થયેલ હોય અને તેમનું રોજબરોજનું કામકાજ કરી શકતા ન હતા કે આરોપીઓની ધમકીના કારણે ઘરની બહાર નીકળી શકતા ન હોય કે સતત ભય નીચે જીવતા હોય તેવી હકીકત સાબીત થતી નથી. આ ઉપરાંત આ કામના અન્ય સાહેદોએ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપેલ નથી તેથી ફરીયાદપક્ષ આરોપીઓ દ્વારા આપવામાં આવેલ ધમકીના કારણે સદર ફરીયાદી ભય નીચે જીવતા હોય અને તેમના રોજબરોજનુ કામ કરવામાં તેમને ભય કે ડર લાગતો હોય તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ હોય. ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો નિ:શં કપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૨) આમ, ઉપરોક્ત કરેલ પુરાવાની ચર્ચા અને છણાવટના અંતે સદર અદાલતનું માનવુ છે કે, આ કામે ફરીયાદપક્ષ દ્બારા નિશંક:પણે એ હકીકત સાબીત કરવામાં આવેલ નથી કે, આ કામના આરોપીઓએ એકસંપ થઇ બનાવ સમયે અને સ્થળે હાજર રહી ફરીયાદીને ભુંડી ગાળો બોલી અને

જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી, ઇ.પી.કો.કલમ–૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો આચરેલ હોય. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંક:પણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–::આખરી હુકમ::–**

(૧) આ કેસના આરોપીઓ**(૧) ગમનજી પોપટજી ઠાકોર,** ઉ.વ.આ.૨૬, ધંધો:ડ્રાઈવીંગ, **(૨) પ્રકાશજી પોપટજી ઠાકોર,** ઉ.વ.આ.૨૪, ધંધો–ખેતી, **(૩) પોપટજી મોબતાજી ઠાકોર,** ઉ.વ.આ.૫૫, ધંધો–ખેતી, **(૪) જેબરબેન બેચરાજી ઠાકોર,** ઉ.વ.આ.૪૫, ધંધો–ઘરકામ, ઉપરોકત તમામ રહે.શિહોરી થરેચાવાસ, તા.કાંકરેજ, જિ.બનાસકાંઠા. ક્રીમીનલ પ્રોસિઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ઇ.પી.કો.કલમ–૨૯૪(ખ), ૫૦૬(૨),૧૧૪ મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) ક્રીમીનલ પ્રોસિઝર કોડની કલમ ૪૩૭ (૧) ની જોગવાઈ ધ્યાને લેતા આરોપીઓએ રૂ.૧૦,૦૦૦/–ના જામીન તેમજ તેટલીજ રકમના જાતમુચરકા રજુ કરવા અને રજુ રાખેલ જામીન તથા જામીન ખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો આપ રદ્ઘ થયેલ ગણાવામાં આવશે.

ઠરાવ આજ રોજ તારીખ ૦૨, જુલાઇ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

શિહોરી

(રિતેશ વિનોદકુમાર પટેલ)

તા.૦૨/૦૭/૨૦૨૬ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, શિહોરી

કોડ નં.જી.જે.૦૧૬૮૬